| | |
|---|---|
| GJSK010006132026 | કેસ રજુ. તા. : ૦૩/૦૩/૨૦૨૬<br>કેસ નોંધ્યા તા. : ૦૩/૦૩/૨૦૨૬<br>કેસ ફેંસલ તા. : ૦૯/૦૩/૨૦૨૬<br>અવધિ :– વર્ષ. માસ. દિવસ. |

**સાબરકાંઠા જીલ્લાના અધિક સત્ર ન્યાયાધીશશ્રીની અદાલત સમક્ષ,**
**મુકામ–હિંમતનગર**

---

**ફોજદારી પરચુરણ અરજી નં. –૨૭૬/૨૦૨૬**

**આંક–**

**અરજદાર :–**

**૧. વિજયભાઈ સ/ઓ કૈલાસભાઈ રામાભાઈ ભરથરી,**
ઉ.વ. આ. ૨૬, ધંધો– મજુરી,
રહે. હરસોલી ચોકડી, દહેગામ, તા.જી. ગાંધીનગર.
મુળ રહે. સિહોલી, તા. હિંમતનગર, જી. સાબરકાંઠા.

**૨. પિન્ટુભાઈ સ/ઓ વિરચંદભાઈ લક્ષ્મણભાઈ વાઘેલા (દેવીપુજક)**, ઉ.વ. ૨૬, ધંધો– મજુરી,
રહે. હરસોલી ચોકડી, દહેગામ, તા.જી. ગાંધીનગર,
મુળ રહે. રમોશ(ઝાંઝરી), તા. બાયડ, જી. અરવલ્લી.

**૩. સંજયભાઈ સ/ઓ મોતીભાઈ અભાભાઈ દેવીપુજક,**
ઉ.વ. ૨૧, ધંધો– ભંગાર/શાકભાજી,
રહે. હરસોલી ચોકડી, દહેગામ, તા. જી. ગાંધીનગર.

**૪. અજયકુમાર ઉર્ફે મુન્નો સ/ઓ પ્રતાપભાઈ મંગાભાઈ ભરથરી,** ઉ.વ. ૨૮, ધંધો– ડ્રાયવીંગ,
રહે. પેથાપુર, વાકોલ ત્રણ જોડીયા,
તા. જી. ગાંધીનગર.

**વિરૂધ્ધ**

**સામાવાળા :-** **શ્રી સરકાર**

**અરજ :-** **ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૩ મુજબ રેગ્યુલર જામીન મેળવવા માટે.**

---

**અરજદાર/આરોપીઓ તરફે વિ. વ. શ્રી વી.એસ.ગારંગે**
**ફરીયાદી/શ્રી સરકાર તરફે વિ. પી.પી.શ્રી એચ.વી. ત્રિવેદી**

---

**:: ઠ રા વ ::**

(૧) અરજદાર/આરોપીઓ દ્વારા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ- ૪૮૩ અન્વયે હાલની આ અરજી રેગ્યુલર જામીન મેળવવા માટે કરવામાં આવેલ છે.

(૨) અરજદાર/આરોપીઓ વિરૂધ્ધ તલોદ પો.સ્ટે. ગુના રજી. નં. ૧૧૨૦૯૦૪૯૨૬૦૧૪૯/૨૦૨૫ થી બી. એન. એસ. ની કલમ-૩૦૫(એ), ૩૩૧(૩), ૩૩૧(૪) મુજબનો ગુનો નોંધાયેલ છે.

એફ.આઇ.આર.માં જણાવ્યા મુજબ ગુનાની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામે કોઇ અજાણ્યા આરોપીઓ ગુલાબની મુવાડી ગામની સીમમાં આવેલ એન્ટીક એસકુઝન પ્રા. લી. કંપનીમાં ગેરકાયદેસર પ્રવેશ કરી એલ્યુમીનીયમ સેકસનનો ભંગારના ગઠ્ઠા નંગ-૪૦ જેમાં એક ગઠ્ઠાનો આશરે વજન ૩૦ કિલો. જેમાં એક એલ્યુમીનીયમ સેકસન ભંગારની કિં.રૂા. ૨૫૦/-ની ગણી કુલ ૧૨૦૦ કિલો એલ્યુમીનીયમ સેકસનનો ભંગારની કુલ કિં.રૂા. ૩,૦૦,૦૦૦/-ની મત્તાની ચોરી કરી લઇ જઇ ગુનો કર્યાનો આક્ષેપ છે.

(૩) હાલની જામીન અરજી દાખલ થતા આ અદાલતે સરકારશ્રી ને નોટીસ ઈસ્યુ કરેલ છે અને સરકાર વતી વિધ્વાન સરકારી વકીલ શ્રી એચ.વી.ત્રિવેદીનાઓ મુદ્દતના દિવસે હાજર રહેલ છે અને વિ. પી. પી.શ્રીએ તપાસ કરનાર અમલદારને બોલાવી તેમનું સોગંદનામુ રજુ

કરેલ છે અને પોલીસ તપાસના કાગળો કોર્ટના અવલોકનાર્થે રજુ કરીને રેગ્યુલર જામીન અરજીનો વિરોધ કરેલ છે.

(૪) સદરહું અરજી સુનાવણી માટે આવતા અરજદાર/આરોપીઓ તર્ફે તેઓના વિ. વ. શ્રી વી.એસ.ગોરાંગે તથા વિ. પી.પી. શ્રી એચ.વી.ત્રિવેદીને સાંભળવામાં આવેલ છે.

(૫) આ કામે અરજદાર/આરોપીઓ તર્ફેના વિ.વ.શ્રીની રજુઆત જોતાં, હાલના અરજદાર/આરોપીઓને સદર ગુનામાં તા. ૨૭/૨/૨૬ ના રોજ ધરપકડ કરેલ અને અરજદાર/આરોપીઓએ નામદાર નીચલી કોર્ટમાં જામીન અરજી દાખલ કરતા જે નામંજુર થયેલ અને ત્યારથી તેઓ જયુડીશીયલ કસ્ટડીમાં છે. એફ. આઈ. આર. કે ફરીયાદ જોતાં કયાંય અરજદાર/ આરોપીઓનુ નામ નથી. ફરીયાદ અજાણ્યા ઇસમ સામે આપવામાં આપેલ છે. અરજદાર/આરોપીઓએ કોઈ ગુનો કરેલ નથી કે મુદ્દામાલ તેઓની પાસેથી કબજે કરેલ નથી. ચોરીમાં ગયેલ મોટાભાગનો મુદ્દામાલ મળી આવેલ છે. જે.એમ.એફ.સી. ટ્રાયેબલ ગુનો છે. અરજદાર/આરોપીઓનો કોઇ ગુનાહિત ઇતિહાસ નથી. અરજદાર/આરોપીઓ અરજીમાં જણાવેલ સરનામાના કાયમી રહેવાસી છે. કયાંય નાસી ભાગી જાય તેમ નથી. ટ્રાયલ દરમ્યાન તેઓ નિયમીત હાજર રહેશે. તથા નામદાર કોર્ટ જે શરતો ફરમાવશે તેના પાલનની ખાતરી આપે છે. જે તમામ હકીકતો જોતાં જામીન અરજી મંજુર કરવા માંગણી કરેલ છે.

(૬) ફરીયાદપક્ષ તર્ફે વિધ્વાન સરકારી વકીલ શ્રી એચ.વી.ત્રિવેદી ની રજુઆત જોતા, અરજદાર/આરોપીઓ વિરૂધ્ધ બી. એન. એસ. ની કલમ- ૩૦૫(એ), ૩૩૧(૩), ૩૩૧(૪) મુજબનો ગુનો નોંધાયેલ છે. કલમ-૩૦૫(એ) માં સાત વર્ષની સજાની જોગવાઇ છે. તેમજ

કલમ–૩૩૧(૩) અને (૪) માં ૧૪ વર્ષની સજાની જોગવાઈ છે. ગુનાની તપાસ ચાલુ છે. ગુનાના અન્ય સહઆરોપીઓ નાસતા ફરતા હોય પકડવાના બાકી છે. કુલ રૂા. ત્રણ લાખના મુદ્દામાલની ચોરી કરેલ છે. ગુનામાં સક્રિય રોલ છે. જામીન ઉપર મુકત કરવામાં આવશે તો નાસી ભાગી જાય, ટ્રાયલ દરમ્યાન હાજર નહી રહે તેવી પણ શકયતા છે. તેમજ હાલમાં આ પ્રકારના ગુનાઓનુ પ્રમાણ અટકાવવા સારૂ જામીન અરજી નામંજૂર કરવા માંગણી કરેલ છે.

(૭) બંને પક્ષકારો તરફે જે રજુઆતો કરવામાં આવેલ છે તે લક્ષે લેવામાં આવેલ છે. અરજદાર/આરોપીની જામીન અરજીની વિગતો, તપાસ કરનાર અમલદારના સોગંદનામાંની વિગતો તથા પોલીસ તપાસના અસલ દસ્તાવેજો વિગેરે લક્ષે લીધેલ છે.

(૮) આ તબકકે અદાલતે આરોપી વિરૂધ્ધનો આક્ષેપ સાચો છે કે કેમ? તે અંગેની કોઈ વિગતવાર ઉંડાણપૂર્વક ચર્ચા કરવાની રહેતી નથી. તે તમામ હકીકત ટ્રાયલ વખતે ટ્રાયલ કોર્ટ દ્વારા નકકી કરવામાં આવશે. પરંતુ જામીન અરજીનો નિર્ણય કરતી વખતે પ્રાથમીક અવલોકન જરૂરી છે. હાલના અરજદાર/ આરોપીઓ સામે ૦૧૪૯/૨૦૨૬ થી બી. એન. એસ. ની કલમ –૩૦૫(એ), ૩૩૧(૩), ૩૩૧(૪) મુજબના કહેવાતા ગુનાનો આક્ષેપ છે. ચોરીમાં ગયેલ મુદ્દામાલ અરજદાર/આરોપીઓ પાસેથી રીકવર થયેલ નથી. જે.એમ.એફ.સી. ટ્રાયેબલ ગુનો છે. અરજદાર/ આરોપીઓ અરજીમા જણાવેલ સરનામાના કાયમી રહેવાસી છે અને તેઓ તરફે ટ્રાયલ વખતે નિયમિત રીતે હાજર રહેવાની ખાત્રી આપવામાં આવેલ છે. તેમજ તેઓ નાસી ભાગી જાય તેમ જણાતુ નથી. તેમજ અરજદાર/આરોપી ઉપર અન્ય કોઇ ગુના નોંધાયેલ નથી. જેથી જો અરજદાર /આરોપીઓને લાંબા સમય સુધી જેલમાં રાખવામાં આવે તો તેઓને '' પ્રિ–ટ્રાયલ

Sessions Court, Sabarkantha, Himmatnagar सत्यमेव जयते

કન્વીકશન '' જેવી સ્થિતિનું નિર્માણ થાય તેમ છે. તેમજ **નામદાર સુપ્રિમ કોર્ટના સંજય ચંદ્રા વિ. સી. બી. આઈ. ૨૦૧૨(૧). એસ. સી.સી.૪૦** ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતાં અરજદાર/ આરોપીઓને લાંબો સમય કસ્ટડીમાં રાખવાથી કોઈ હેતુ બર આવી શકે તેમ નથી. જેથી અરજદાર/આરોપીઓ વિરુધ્ધના ગુન્હાની ગંભીરતા, ગુના અંગે સજાની જોગવાઈઓ ધ્યાને લેતાં અરજદાર/ આરોપીઓની હાલની જામીન અરજી મંજુર કરવાની વિવેકાધીન સત્તા વાપરવી યોગ્ય અને ન્યાયોચિત જણાતી હોય જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**: : હુ ક મ : :**

(૧) અરજદાર/આરોપીઓ **૧. વિજયભાઇ સ/ઓ કૈલાસભાઇ રામાભાઇ ભરથરી,** રહે. હરસોલી ચોકડી, દહેગામ, તા.જી. ગાંધીનગર, મુળ રહે. સિહોલી, તા. હિંમતનગર, જી. સાબરકાંઠા, **૨. પિન્ટુભાઇ સ/ ઓ વિરચંદભાઇ લક્ષ્મણભાઇ વાઘેલા (દેવીપુજક),** રહે. હરસોલી ચોકડી, દહેગામ, તા.જી. ગાંધીનગર, મુળ રહે. રમોશ(ઝાંઝરી), તા. બાયડ, જી. અરવલ્લી, **૩. સંજયભાઇ સ/ઓ મોતીભાઇ અભાભાઇ દેવીપુજક,** રહે. હરસોલી ચોકડી, દહેગામ, તા. જી. ગાંધીનગર, **૪. અજયકુમાર ઉર્ફે મુન્નો સ/ઓ પ્રતાપભાઇ મંગાભાઇ ભરથરી,** રહે. પેથાપુર, વાકોલ ત્રણ જોડીયા, તા. જી. ગાંધીનગરવાળાનાઓએ તલોદ પો.સ્ટે. ગુના રજી. નં. ૧૧૨૦૯૦૪૯૨૬૦૧૪૯/૨૦૨૫ થી બી. એન. એસ. ની કલમ- ૩૦૫(એ), ૩૩૧(૩), ૩૩૧(૪) મુજબના ગુન્હાના કામે કરેલ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૩ મુજબની હાલની આ રેગ્યુલર જામીન અરજી આથી **" મંજુર ''** કરવામાં આવે છે.

(૨) દરેક અરજદાર/આરોપીએ ઉપરોકત ગુનાના કામે **રૂા.૧૫,૦૦૦/- (અંકે રૂપિયા પંદર હજાર પુરા)** ના જામીન અને તેટલી જ રકમના જાત

મુચરકા નીચેની કોર્ટમાં રજુ કરે તો તેઓને નીચેની શરતોને આધીન જામીન મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતો:-**

(૧) અરજદાર/આરોપીએ ફરિયાદપક્ષના સાહેદોને કોઈપણ પ્રકાર ની ધાક-ધમકી, લોભ લાલચ કે પ્રલોભન આપવુ નહિં અને પુરાવા સાથે ચેડા કરવા કરાવવા નહિં.

(૨) અરજદાર/ આરોપીએ આવી ગુન્હાકીય પ્રવૃત્તિમાં સંડોવણી થાય તેવું કૃત્ય કરવું કરાવવું નહી.

(૩) અરજદાર / આરોપીએ આ અદાલતની પૂર્વ પરવાનગી સિવાય ભારત દેશની હદ છોડવી નહી.

(૪) અરજદાર/આરોપી પાસપોર્ટ ધરાવતા હોય તો, તેઓ તરફે બે અઠવાડીયામાં પાસપોર્ટ સંબંધિત કોર્ટમાં રજુ કરવાનું રહેશે અને જો તેઓ પાસપોર્ટ ન ધરાવતા હોય તો તે મતલબનું સોગંદનામું બે અઠવાડીયામાં રજુ કરવાનું રહેશે.

(૫) અરજદાર/આરોપી તરફે જામીન આપતી વખતે પોતાનું તથા જામીનદારનું હાલનું તથા કાયમી સરનામું દસ્તાવેજી પુરાવા સાથે રજુ કરવાનું રહેશે અને તેનું રહેઠાણ હકુમત ધરાવતી કોર્ટની પરવાનગી સિવાય બદલવાનું રહેશે નહિં.

(૬) હુકમના અમલ માટે સબંધીત અદાલત તરફ યાદી કરવી.

હુકમ આજ તા.**૦૯ મી,** માહે **માર્ચ,** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તા. : ૦૯/૦૩/૨૦૨૬
સ્થળ: હિંમતનગર

**(વિરલ હેમરાજભાઈ પટેલ)**
એડીશનલ સેશન્સ જજ
જીજે.૦૦૭૩૬
સાબરકાંઠા-હિંમતનગર.

*:: ARS ::*

District & Sessions Court, Sabarkantha @ Himmatnagar